ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G0

ગાંધીનગરના તબીબો માટે સ્થળની સમસ્યા ઘેરી બને છે

ગાંધીનગર, તા. ૨૨

ખાનગી પ્રેકટીસ કરતા ગાંધીનગરના તબીબો મોટા ભાગે રહેણાંક વિસ્તારમાં આવેલા છે. રહેણાંક વિસ્તારમાં ચાલતી કોમર્શીયલ પ્રવૃત્તિઓ સામે હઈકોર્ટે કડક પગલાં લઈ આ પ્રવૃત્તિ ઝડપથી બંધ થાય તેવા પગલાં લેવા જણાવ્યું છે. આથી સત્તાતંત્રએ રહેણાંક વિસ્તારમાં કલીનીક ધરાવતા તમામ તબીબોને નોટીસ ફટકારી છે. ખાનગી પ્રેકટીસ કરતાં તબીબો માટે ગાંધીનગરમાં કોઈ અલાયદુ સ્થળ ન હોવાથી તબીબો મુંઝવણમાં મુકાયા છે. પ્રેકટીસ કરવી તો કયાં કરવી તેવો પ્રશ્ન સૌને સતાવી રહ્યો છે.

રહેણાંક વિસ્તારમાં તબીબી પ્રેકટીસ નહી કરવાના હાઈકોર્ટે આપેલા આદેશ બાદ તબીબો મુંઝવણમાં ડોકટર હાઉસ માટેના પ્લોટની હરાજી રદ થતાં સમસ્યા વધુ ગંભીર બની

ગાંધીનગરનો વિકાસ એક ચોકકસ પ્લાન મુજબ કરવામાં આવ્યો છે. ખાનગી તબીબો પ્રેકટીસ કરી શકે તે માટે ડોકટર હાઉસ માટેના પ્લોટ વિવિધ વિસ્તારોમાં અનામત રાખવામાં આવ્યા પરંતુ શહેરની સ્થાપના થયાના દાયકાઓ બાદ પણ આ પ્લોટની હરાજી વિવિધ કારણોસર શકય ન બની. ખાનગી દવાખાનાઓ માટે કોઈ અલાયદી જગ્યા ન મળતા ધીમે ધીમે રહેણાંક વિસ્તારોમાં દવાખાના શરૂ થયા. ખાસ કરીને સિવિલ હોસ્પિટલ અને બસ સ્ટેન્ડની આસપાસ ખાનગી કલીનીક, હોસ્પીટલોની સંખ્યા વધવા માંડી. આ ઉપરાંત શહેરમાં અવા ઘણા તબીબો છે જેઓ પોતાના નિવાસસ્થાને જ તબીબી પ્રેકટીસ કરે છે. વર્ષોથી આ વ્યવસ્થા ચાલી રહી છે.

અમદાવાદ અને ગાંધીનગરમાં રહેણાંક વિસ્તારમાં ચાલતી કોમર્શીયલ પ્રવૃત્તિઓ સામે હાઈકોર્ટમાં કેસ દાખલ થયા પછી આ પ્રશ્ન ઉદભવ્યો છે. રહેણાંક વિસ્તારમાં ચાલતી કોમર્શીયલ પ્રવૃત્તિઓ બંધ કરાવવા માટે હાઈકોર્ટે આદેશ આપતા ગાંધીનગરના સત્તાવાહકોએ અન્ય વ્યવસાયીકોની સાથે જ રહેણાંક વિસ્તારમાં કલીનીક ધરાવતા તમામ તબીબોને પણ નોટીસ આપી અમુક સમયગાળામાં આ પ્રવૃત્તિ બંધ કરવા આદેશ આપ્યા છે. જેની સામે તબીબો રજુઆત કરી રહ્યા છે.

તાજેતરમાં થયેલી ઈ-હરાજી પ્રક્રિયામાં પણ ડોકટર હાઉસના પ્લોટસની હરાજી રદ થઈ છે હવે જયારે નવેસરથી હરાજી કરવામાં આવશે ત્યારે ડોકટર હાઉસના પ્લોટસ માટે તબીબો અરજી કરી શકશે.

ગાંધીનગરના તબીબોએ રજુઆત કરી છે કે તબીબી સેવા એક આવશ્યક સેવા છે. ગાંધીનગર ઉપરાંત આસપાસના વિસ્તારમાંથી પણ ઘણા દર્દીઓ ગાંધીનગરના તબીબની સારવાર લઈ રહ્યા છે. હાલમાં ખાનગી તબીબો પ્રેકટીસ કરી શકે તેવા કોઈ કોમર્શીયલ વિસ્તારો શહેરમાં ઉપલબ્ધ નથી ત્યારે સત્તાતંત્રએ રહેણાંક વિસ્તારમાં ચાલતા કલીનીક બંધ કરાવવાનો નિર્ણય મુલત્વી રાખવો જોઈએ અથવા તબીબોને ખાસ અનામત પ્લોટસની ફાળવણી રાહત દરે કરવી જોઈએ. જેથી ગાંધીનગરની તબીબી સેવાઓ ખોરવાય નહીં.

એથ્લેટીકસ મીટ - એલ.આઈ.સી. દ્વારા ૪૯માં વેસ્ટર્ન ઝોનલ અથ્લેટીકસ મીટનો મંગલ પ્રારંભ ગાંધીનગર ખાતે ઉલ્લાસપૂર્ણ વાતાવરણમાં થયો હતો. પશ્ચિમ ભારતના રાજ્યોમાંથી ભાગ લેતા ૭૫થી વધુ ખેલાડીઓએ ખેલદીલીના શપથ લીધા બાદ સ્પર્ધામાં જોડાયા હતા. વ્યક્તિગત સ્પર્ધાઓ ભારે રોમાંચક રહી હતી. (તસવીર : દિપક જાની)

જિલ્લામાં ચોમાસા દરમિયાન ૧૧.૭૯ લાખ રોપાઓનું વાવેતરનું આયોજન

જિલ્લાના ૧૧૭૦ હેકટર વિસ્તારમાં વન વિભાગ દ્વારા વિવિધ રોપાઓનું વાવેતર કરાશે

ગાંધીનગર તા ૨૨

આગામી ચોમાસા દરમિયાન જિલ્લામાં ૧૧.૭૯ લાખ વૃક્ષોનુ વાવેતર કરવામાં આવશે.વન વિભાગ દ્વારા ૧૧૭૦ હેકટરમાં વિવિધ રોપાઓનું વાવેતર કરવામાં આવશે.આગામી દિવસોમાં જિલ્લા તેમજ તાલુકા કક્ષાનો વન મહોત્સવની પણ ઉજવણી કરવામાં આવશે.

આકરા ઉનાળા બાદ વરસાદની કાગડોળે રાહ જોવાઈ રહી છે.ત્યારે ગરમીથી ત્રસ્ત નાગરિકો પણ મેહુલિયાને વધાવવા ઉત્સુક બન્યા છે.બીજીતરફ ખેડુતો પણ વાવાણી ટાંણે વરસાદની વાટે છે. આકાશમાં ઘેરાતા વાદળો મન મુકીને વરસી પડે તે માટે ખેડુતોની મીટ નભમાં મંડરાઈ છે.જયારે આકરી ગરમીથી પ્રભાવિત પ્રકૃતિ પણ વરસાદથી તરબતોળ થવા ઉત્સુક છે. જયારે વરસાદી દિવસોમાં નગરની હરિયાળીને નિખારવા તંત્ર દ્વારા પણ રોપાઓના વાવેતરનું આયોજન કરી દેવાયુ છે. સરકારની વિવિધ યોજના અંતર્ગત વન વિભાગ દ્વારા વૃક્ષોના રોપાઓ માટે વાવેતરની પ્રકીયા હાથ ધરવામાં આવશે.

આગામી ચોમાસાની ઋતુ દરમિયાન જિલ્લામાં કુલ ૧૧૭૦ હેકટર વિસ્તારમાં વન વિભાગ દ્વારા રોપાઓનું વાવેતર કરવામાં આવશે.જે અંતર્ગત વન વિભાગ કક્ષાએથી જિલ્લામાં કુલ ૧૧.૭૯ લાખ રોપાઓની વાવણી કરવાનું આયોજન કરવામાં આવ્યુ છે.વન વિભાગ દ્વારા પ્રતિવર્ષ જિલ્લામાં હરિયાળી વધારવા

● અનુસંધાન પાન-૭ પર

એલ.આઈ.સી. આયોજિત એથ્લેટીક મીટમાં ગુજરાત સહિત વિવિધ રાજ્યોના ૭૫ ખેલાડીઓ જોડાયા

રમત ગમતથી કર્મચારીઓમાં શિસ્ત અને ભાઇચારાની ભાવના વધુ મજબૂત બને છે- વરિષ્ઠ મંડળ પ્રબંધક એસ. પી. સોમાણી

ગાંધીનગર તા ૨૨

ભારતીય જીવન વીમા નિગમ ગાંધીનગર ડીવિઝનલ કચેરી દ્વારા આજે સે-૧૫ સ્થિત સાઈ સંકુલ ખાતે ૪૯માં વેસ્ટર્ન ઝોનલ અથ્લેટીકસનું આયોજન કરવામાં આવ્યુ હતુ. જેમાં ગુજરાત મહારાષ્ટ્ર અને ગોવા સહિતના રાજયોમાંથી ૭૫ જટલા ખેલાડીઓએ ભાગ લીધો હતો.વિવિધ ૧૨ જેટલી એથ્લેટીક રમતોમાં ભાગ લઈ ખેલાડીઓએ ઉત્કૃષ્ટ પ્રદર્શન કર્યું હતું.કર્મચારીઓમાં શિસ્ત અને ભાઈચારાની ભાવના વધુ મજબુત બને તેમજ રમત ગમત ક્ષેત્રે પણ પ્રાત્સાહન પુરુ પાડવાના ઉમદા આશય સાથે આ સ્પોર્ટસ મીટનું આયોજન કરવામાં આવ્યુ હતું.

ભારતીય જીવન વીમા નિગમ સે-૧૧ સ્થિત ડીવિઝનલ કચેરી દ્વારા આજે સેકટર ૧૫ ના સાંઈ કામ્પલેક્ષ ખાતે ૪૯ માં વેસ્ટર્ન ઝોનલ એથ્લેટીક મીટનું આયોજન કરવામાં આવ્યું છે.બે દિવસીય આ રમત ગમત મહોત્સવનું આજે ડીવિઝન કચેરીના વરિષ્ઠ મંડળ પ્રબંધક એસ પી સોમાનીના હસ્તે ઉદઘાટન કરવામાં આવ્યુ હતું.તેમણે આ અંગે માહીતી આપતા જણાંવ્યુ હતું કે આ એથ્લેટીક મીટમાં ગુજરાત ગોવા તેમજ મહારાષ્ટ્રમાંથી કુલ ૭૫ જેટલા ખેલાડીઓએ ભાગ લીધો હતો.

સ્પોર્ટસ પ્રમોશન બોર્ડ એલ આઇ સી માં કાર્યરત છે.જેના આધારે ખેલાડીઓને પ્રાત્સાહિત કરવામાં આવે છે.નિગમના કર્મચારીઓમાં ખેલદીલીની ભાવના વધુ મજબુત બને તેમજ શિસ્ત અને ભાઈચારાની ભાવના કેળવાય તેવા આશયથી એલ આઇ સી દ્વારા એથ્લેટિક મીટનું આયોજન કરવામાં આવ્યુ છે.સે ૧૫ના સાંઈ મેદાનમાં આંતરરાષ્ટ્રીય સ્ટાનર્ડડનો એથ્લેટીક ટ્રેક છે. આ એથ્લેટીક મીટમાં આંતરરાષ્ટ્રીય ખેલાડી માનિકા આથરે અનિરુધ્ધ ગુજર ધીરજ મિશ્રા ભરત મકવાણા કાલિદાલ હિરવે સહિતના ખેલાડીઓએ વિવિધ રમતોમાં ભાગ લીધો હતો.ગાંધીનગરમાં આ વર્ષે એથ્લેટીક મીટનું આયોજન કરવામાં આવ્યુ છે.ત્યારે ૨૨ અને ૨૩ જુન દરમિયાન નિગમના કર્મચારીઓ વિવિધ રમતમાં ભાગ લઈ રમત ગમત વૃતિને પ્રાત્સાહન પુરુ પાડશે.

રાજ્યમંત્રી પુરુષોત્તમ સોલંકીની તબિયત લથડતા હોસ્પિટલમાં ખસેડાયા

ગાંધીનગર, તા. ૨૨

રાજ્ય પશુપાલન મંત્રી પુરુષોત્તમ સોલંકીની અચાનક તબિયત લથડતા મુંબઈની લીલાવતી હોસ્પિટલમાં સારવાર માટે તાત્કાલિક દાખલ કરાયા છે.

સોલંકીના કાર્યાલયમાંથી જાહેર કરાયેલ અધિકૃત વિજ્ઞપ્તીમાં જણાવ્યા મુજબ સારવાર બાદ ભાવનગર મતવિસ્તારની મુલાકાત લેશે.

અગાઉ પણ સોલંકીને લાંબા સમય સુધી મુંબઈમાં સારવાર અપાઈ હતી.

ગુજરાતને બાળ મજુર મુક્ત રાજ્ય બનાવાશે

ગાંધીનગર, તા. ૨૨

ગુજરાતને આગામી દિવસોમાં સંપૂર્ણ બાળ મજુર મુક્ત રાજ્ય બનાવવા માટે પ્રયાસો હાથ ધરવામાં આવશે એમ રાજ્યના શ્રમ અને રોજગાર મંત્રી વિજય રૂપાણીએ જણાવ્યું હતું.

આ અંગેની વિગતો પત્રકારોને આપતાં રાજ્યના શ્રમ અને રોજગાર મંત્રી વિજયભાઈ રૂપાણીએ જણાવ્યું હતું કે રાજ્યમાં બાળ મજુરીને નાબુદ કરવા માટે રાજ્યના ૬ જિલ્લાઓ નર્મદા, અરવલ્લી, મહીસાગર, છોટાઉદેપુર, અમરેલી અને ડાંગમાં જિલ્લા કલેક્ટરના અધ્યક્ષ પદે ટાસ્ક ફોર્સની રચના કરવામાં આવી છે.

આ ટાસ્કફોર્સ જિલ્લાઓમાં બાળ મજુરી નાબુદી અંગે જનજાગૃતિ લાવવાના કાર્યક્રમો કરવા ઉપરાંત દુકાનો કારખાનાઓમાં ડોર ટુ ડોર સર્વે કરશે તેમજ રેડ પાડીને બાળ મજુરોને શોધી તેમને મુક્ત કરાવશે અને જવાબદારો સામે પગલા ભરાશે.

આ ૬ જિલ્લાઓ બાદ તબક્કાવાર રાજ્યના અન્ય જિલ્લાઓમાં પણ આ પ્રમાણેની ટાસ્કફોર્સ દ્વારા કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

૬ જિલ્લામાં બાળ મજૂરી નાબુદ માટે ટાસ્ક ફોર્સની રચના

તેમણે જણાવ્યું હતું કે આગામી જુલાઈ ઓગષ્ટ માસમાં ૧૦ દિવસ મોટા પાયા પર બાળ મજુરી નાબુદી અંગે ઝુંબેશ હાથ ધરવામાં આવશે. અને આ કાર્યક્રમો દ્વારા આગામી દિવસોમાં ગુજરાતને ઝીરો બાળ મજુર મુક્ત રાજ્ય બનાવવાના પ્રયાસો હાથ ધરવામાં આવશે.

તેમણે જણાવ્યું હતું કે વર્ષ ૨૦૧૦થી ૨૦૧૪ દરમ્યાન છેલ્લા પાંચ વર્ષમાં રાજ્યમાં ૧૫ હજાર ઈન્સ્પેકશન કરીને ૪૦૦ બાળ મજુરોને મુક્ત કરાવવામાં આવ્યા હતા અને ૨૨૫ જેટલા કોર્ટમાં કેસો કરવામાં આવ્યા હતા.

તેમણે જણાવ્યું હતું કે જે ૩૭૦ બાળ મજુરો મળી આવ્યા હતા તેમાં ૧૭૩ ગુજરાતીઓ હતા અને ૧૯૭ બીન ગુજરાતી બાળકો હતા.

રાજ્યમાં શિક્ષણનો વ્યાપ વધતા બાળ મજૂરી નાથવા માટે અનેક સ્વૈચ્છિક સંસ્થાઓ પણ ભરપૂર પ્રયાસો કરી રહી છે. ગરીબી રેખા નીચે જીવતા પરિવારો જીવનનિર્વાહની મજબૂરીને પગલે બાળકોને શરૂઆતથી જ મજૂરીએ મોકલવાની પસંદ કરે છે. આ સામે જાગૃતિ વધતા અનેક સંસ્થાઓ અને સરકાર દ્વારા દિન-પ્રતિદિન કરતા પ્રયાસોથી નજીકના ભવિષ્યમાં રાજ્યને બાળ મજૂર મુક્ત રાજ્ય બનાવાશે

શહેરના ૧૫ બુલેટ રાઈડર્સ લેહ-લદાખના માર્ગે

ગાંધીનગર તા ૨૨

ગાંધીનગરમાં માર્ગ સલામતીનો વિષય ચિંતાનો વિષય બન્યો છે.માર્ગ અકસ્માતના બનાવો અને તેના લીધે થતા મૃત્યુનો આંક રોડ સેફટી માટે વિચારવા મજબૂર કરી દે તેવા પ્રત્યાઘાતોથી શિક્ષિત સમાજમાં પણ ચિંતા પ્રવર્તી છે.શહેરમાં વધતા વાહનોની સંખ્યા સાથે છેલ્લા કેટલાક સમયથી બુલેટ પણ વિશેષ પ્રમાણમાં દોડતા હોવાનુ ધ્યાને આવ્યું છે.યુવાનોમાં જાનદાર અને શાનદાર મનાતી બુલેટની સવારીનો ક્રેઝ વધ્યો છે.આવા સંજોગોમાં નગરના ૧૫ સાહસિક યુવાનો શોખને પોષવા તેમજ સમાજન રોડ સેફટીનો મેસેજ આપવા

● અનુસંધાન પાન-૭ પર

બુલેટની સફરમાં રોડ સેફટીનો સંદેશો આપશે બુલેટ પર ૨૪૦૦ કીમી ની સફર કરશે જંગલમાં ટેન્ટ બાંધી રાત્રિ રોકાણ કરશે

બુલેટ હોકસ સંસ્થાના બાઈકર્સ સ્વચ્છતા અભિયાનના સંદેશ સાથે લેહ-લદાખની સફરે

પાટનગરમાં બુલેટના શોખીન યુવાનો દ્વારા બુલેટ હોકસ નામની સંસ્થા ચલાવવામાં આવે છે. જેમાં એડવેન્ચર નોલેજ, એક્સપ્લોરેશન, રાઈડ નેચર એમ્યુડેશન સેવ એનીમલ એન્ડ બડર્સ જેવી પ્રવૃત્તિઓ કરવામાં આવે છે. ત્યારે સંસ્થાના પાંચ યુવાનો સ્વચ્છ અભિયાન સંદેશને લઈ ગાંધીનગરથી લેહ-લદાખ સુધી બુલેટની સફરે નિકળ્યા છે. આજે સવારે કેયુર જેઠવા જેઓ ગાંધીનગરના જમીન ફાળવણીમાં મામલતદાર છે, હિંમતસિંહ ચાવડા, એન્જીનીયર, ડૉક્ટર જોસ્ટન ક્લાસવા, સચિન ઠક્કર, સમાજસેવી, અને મયુરસિંહ જેતાવત જેઓ બેન્કીંગ ક્ષેત્રે સંકળાયેલા છે. પાંચ યુવાનો બુલેટ ઉપર છ હજાર કિલોમીટરની મુસાફરી કરશે.

યુવાનોને મેયર, ડે. મેયર અને સ્ટેન્ડીંગ ચેરમેને મોં મીઠુ કરાવી લીલી ઝંડી બતાવી

ઓંસન એડવન્ચર ગ્રુપ ગાંધીનગરના દસ યુવાન બુલેટ રાઈડર્સ હિમાલયની ગોદમાં આવેલા દુનિયાના સૌથી ઉંચા મોટરેબલ રોડ ખારદુંગલા ખાતે જવા માટે ગાંધીનગરના મેયર હંસાબેન મોદી, ડેપ્યુટી મેયર કાર્તિકભાઈ પટેલ અને સ્ટેન્ડીંગ કમિટિના ચેમરેન રાકેશભાઈ પટેલ દ્વારા આજે સવારે ૬.૦૦ કલાકે ગાંધીનગરના ચ-૦ સેન્ટરથી મોં મીઠુ કરાવી તીલક કરી શુભેચ્છા પાઠવી હતી. આ દસ બુલેટ રાઈડર્સમાં એક ૬૧ વર્ષના હોવા છતાં યુવા પ્રતિભા ધરાવતા અને સૌથી નાના ૨૧ વર્ષના રાઈડર્સ પણ સામેલ થયા છે.

આ બુલેટ્સરાઈડ્સમાં ધર્મદિપસિંહ રાઓલ, વનરાજસિંહ રાઓલ, નિખિલ શાસ્ત્રી, અરૂણસિંહ કુંપાવત, ધવલ પટેલ, દેવદત્ત પટેલ, જયેન્દ્રસિંહ સોલંકી, મહાવીર વાઘેલા, રાહુલ કારપેન્ટર, હરીશભાઈ વ્યાસનો સમાવેશ થાય છે.

ડિગ્રી ઈજનેરીમાં મોક રાઉન્ડનું પરિણામ જાહેર

અમદાવાદ, તા. ૨૨

ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી સંચાલીત રાજયની વિવિધ ડિગ્રી એન્જિનિયરીંગ કોલેજોમાં પ્રવેશ માટે યોજાયેલા મોકરાઉન્ડનું પરિણામ આજે જાહેર કરવામાં આવ્યું છે. પ્રાપ્ત થતી માહિતી મુજબ રાજયની ઈજનેરી કોલેજોમાં પ્રવેશ માટે યોજાયેલ મોકરાઉન્ડમાં અમદાવાદ શહેરની એલડી એન્જિન્યરીંગ કોલેજ આ વર્ષે પણ વિદ્યાર્થીઓની પ્રથમ માટે યોજાયેલ મોકરાઉન્ડમાં અમદાવાદ શહેરની એલડી એન્જિન્યરીંગ કોલેજ આ વર્ષે પણ વિદ્યાર્થીઓની પ્રથમ પંસદ રહી હતી. જ્યારે બીજા ક્રમે વિશ્વકર્મા કોલેજ ફોર એન્જિનિયરીંગ-ચાંદખેડા અને ત્રીજા ક્રમે સરકારી ઈજનેરી કોલેજ ગાંધીનગરનો સમાવેશ થાય છે.

આ ટોપ થ્રી કોલેજો બાદની પસંદગીમાં સુરતની સરકારી ઈજનેરી કોલેજ, એમ.એસ.યુનિવર્સિટી સંલગ્ન વડોદરાની ઈજનેરી કોલેજ, નડિયાદની ઈજનેરી કોલેજ, ભાવનગરની સરકારી ઈજનેરી કોલેજને વિદ્યાર્થીઓએ ચોઈસ ફિલિંગમાં પ્રાધાન્યતા આપી છે. આ ઉપરાંત ખાનગી કોલેજોમાં નિરમા યુનિવર્સિટી, પંડિત દીનદયાળ પેટ્રોલિયમ યુનિવર્સિટી, ધીરૂભાઈ અંબાણીનો સમાવેશ થાય છે.

થોડા સમય પહેલા હાથ ધરાયેલા સર્વેમાં દેશની ટોપ-૧૦૦ એન્જિનિયરીંગ કોલેજોમાં અમદાવાદની એલ.ડી. કોલેજ ઓફ એન્જિનિયરીંગનો ક્રમ ૪૮મો આવ્યો હતો. જ્યારે વિશ્વકર્મા એન્જિનિયરીંગ કોલેજ-ચાંદખેડાએ ૭૮મું સ્થાન મળ્યું હતું.

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com